દાદા ભગવાન પરિવારનું

ડિસેમ્બર ૨૦૨૪

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

અક્રમ એક્સપ્રેસ

વર્ષ : ૧૭, અંક : ૦૪
સળંગ અંક : ૧૯૬
ડિસેમ્બર ૨૦૨૪

....

સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org

Editor: Dimple Mehta

Printer & Published by
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

Owned by and Published from
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

Printed at
Amba Multiprint
Opp. H B Kapadiya New High School,
Chhatral-Pratappura Road,
At-Chhatral, Tal. Kalol
Dist. Gandhinagar – 382729.

© 2024, Dada Bhagwan Foundation
All Rights Reserved

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
પાંચ વર્ષ
ભારત : ૧,૦૦૦ રૂપિયા
D.D. / M.O. 'મહાવિદેહ
ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

અક્રમ
એક્સપ્રેસ

સંપાદકીય

બાળમિત્રો,

કાચબા અને સસલાની વાર્તા યાદ છે ? કાચબા અને સસલાની રેસમાં કાચબો જીતી ગયો હતો. શું કારણ હતું ? એ જ કે, આખી રેસમાં કાચબો પોતાનો ધ્યેય ભૂલ્યો નહોતો અને સિન્સિયરલી પોતાના ધ્યેય તરફ ધીમે ધીમે આગળ વધતો રહ્યો હતો.

આપણે પણ નાના-મોટા કેટલાય ધ્યેય સેટ કરતા હોઈએ છીએ. પણ, નક્કી કરીએ શું અને કરી નાખીએ કંઈક બીજું જ ! શું કારણ છે કે આપણે આપણા ધ્યેય સુધી પહોંચી નથી શકતા ? નબળા બનવાનું કારણ શું છે ? શું કરવાથી ધ્યેય સુધી પહોંચી વળાય ? ચાલો, આ અંકમાં જ્ઞાનીઓની સમજણ મેળવીએ, સાથે સાથે વાર્તાઓ અને થીઓ ઍન્ડ ફ્રેન્ડ્સની ટુરમાં ભાગ લઈને આ પ્રશ્નોના ઉપાય જાણીએ.

- ડિમ્પલ મહેતા

જ્ઞાનીઓ કહે છે...

મનોબળ એટલે જે નક્કી કર્યું હોય એવું એ કરી શકે. એ મજબૂત મનોબળ કહેવાય. દા.ત. : નક્કી કર્યું હોય કે આજે ઉપવાસ કરવો છે, પછી એને ખાવાનો વિચાર ના આવે. ખાવા તરફ જુએ પણ નહીં.

નક્કી કર્યું હોય કે આજે આમ નથી કરવું અને પછી થોડી વારમાં કરવા બેઠો હોય એ નબળું મન કહેવાય. દા.ત. : આજે તો ટી.વી. જોવું જ નથી એવું નક્કી કર્યા બાદ બે મિનિટ પછી થાય કે શું આવતું હશે ? લાવ ચેક તો કરી લઉં, એ નબળા મનોબળવાળો કહેવાય. નક્કી કરે શું અને કરી નાખે કંઈક જુદું.

મનોબળ નબળું ક્યારે થાય ? જેટલો મનોરંજનમાં પડે એટલો નબળો થતો જાય. ટી.વી. અને મૂવીના સુખોમાં પડ્યો એટલે નબળો થતો જાય. નિયમ તોડ્યા પછી તોડી નાખે, પોલ મારે તો શક્તિ તૂટતી જાય.

નક્કી કર્યા પછી એ પ્રમાણે સિન્સિયર રહે તો મનોબળ ખીલતું જાય. શક્તિ વધતી જાય. કોઈને દુઃખ આપવું નથી, એવી ભાવના કરવાથી મનોબળ વધતું જશે. નવ કલમો, પ્રાર્થનાઓ, વિધિઓ મનોબળ વધારે.

Lorem ipsum

98 %

ધ્યેય નક્કી કરો અને
ધ્યેયને સિન્સિયર
રહો.

આ તો

જે ધ્યેય નક્કી કર્યો હોય એ
ધ્યેય તરફ વધવા માટે
શક્તિઓ માંગો.



નાના નાના ધ્યેય સિન્સિયર રહીને પૂરા કરો.

દા.ત. : આજે હું એક કલાક ભણીશ એવું નક્કી કર્યા પછી મોબાઈલ જોવાની ઈચ્છા થાય તો એક કલાક ભણ્યા પછી જ મોબાઈલ હાથમાં લેવાનો.

નવી જ વાત !

બીજાના નેગેટિવ જોવાથી મનની શક્તિ તૂટી જાય છે. બીજાના દોષો જોવાઈ જાય તો હૃદયપૂર્વક પસ્તાવો કરવાથી મનની શક્તિ વધતી જાય.

ચાલો રમીએ...

એક સરખા દેખાતા ચિત્રમાંથી ૧૦ તફાવત શોધો.

ઍન્યુઅલ ડે ડ્રામા

સુબોધે સ્કૂલ બેગ સોફા પર ફેંકી અને ફ્રિજમાંથી આઈસ્ક્રીમ કાઢીને ટી.વી. સામે ગોઠવાઈ ગયો.

'બધાનું રક્ષણ મારું કામ, પાવરમૅન છે મારું નામ.' કાર્ટૂનના પાત્રની સાથે સુબોધ પણ ડાયલોગ બોલી રહ્યો હતો.

'સુબોધ, આ શું ?' મમ્મીએ પૂછ્યું. 'ફરી આ ટાઈમે આઈસ્ક્રીમ ? જમવાનો ટાઈમ છે આ. અને આ પાવરમૅનની ઍક્ટિંગ કરીને શું તારે પણ ઍક્ટર બનવું છે ?'

'હા, એમાં શું ખોટું છે ? મને ઍક્ટિંગ કરવી બહુ જ ગમે છે' એણે કહ્યું. અને એમ કહીને પોતાના સપનાની દુનિયામાં થોડી વાર માટે ખોવાઈ ગયો. એને દેખાયું કે એ સ્ટેજ પર ઊભો છે અને ઑડિયન્સમાં બેઠેલા લોકો એની ઍક્ટિંગથી એટલા બધા પ્રભાવિત થઈ ગયા છે કે ઊભા થઈને તાળીઓ પાડી રહ્યા છે.

'ઓય, મિસ્ટર શેખચલ્લી, પહેલા જમીને તારું હોમવર્ક કરી લે. નહીં તો ફરી ટીચરની ફરિયાદ આવશે.' મમ્મીએ કહ્યું.

બીજા દિવસે સ્કૂલમાં સુબોધ ગભરાયેલો હતો. એણે ગણિતનું હોમવર્ક નહોતું કર્યું. તક્ષની બુકમાંથી એ કૉપી કરવા જતો જ હતો ત્યાં તો ક્લાસમાં મેથ્યુ ટીચર આવ્યા.

'આજે તમારા ગણિતના ટીચર ઍબ્સન્ટ છે. હું એક ખાસ જાહેરાત કરવા આવી છું. બે મહિના પછી થનારા ઍન્યુઅલ ફંક્શનમાં એક નાટક કરવાનું છે. જેમને નાટકમાં ભાગ લેવો હોય તે મારી પાસે આવો. હું તમારી ઍક્ટિંગનો એક નાનકડો ટેસ્ટ લઈશ. જે બાળકોને નાટકમાં ભાગ ના લેવો હોય તે પોતાનું

હોમવર્ક કરી શકે છે.'

મેથ્યુ ટીચરે ક્લાસમાંથી સુબોધ અને તક્ષની પસંદગી કરી. સુબોધને મુખ્ય કૅરેક્ટરનો રોલ અને તક્ષને સાઈડ કૅરેક્ટરનો રોલ મળ્યો.

ઘરે જઈને ટી.વી. ચાલુ કરવાના બદલે એ મમ્મી પાસે દોડીને ગયો,'મમ્મા !! સ્કૂલમાં ઍન્યુઅલ ફંક્શન છે. અને એમાં એક નાટક થવાનું છે. અને એ નાટકમાં મને મુખ્ય કૅરેક્ટરનો રોલ મળ્યો છે !' એક જ શ્વાસે સુબોધ બધું બોલી ગયો.

'અરે વાહ બેટા ! વેરી ગુડ ! મોટા મોટા ડાયલોગ યાદ કરી લઈશ ને ?' મમ્મીએ સુબોધના માથે હાથ ફેરવીને પૂછ્યું.

'હાસ્તો ને મમ્મા ! ઍક્ટિંગ મને બહુ જ ગમે છે. ડાયલોગ તો આરામથી યાદ કરી લઈશ !!' સુબોધે વિશ્વાસપૂર્વક કહ્યું.

'પણ હમણાં મારે થોડી વાર ફ્રેશ થવું પડશે. સ્કૂલમાં ટેસ્ટ આપીને થાકી ગયો છું. થોડી વાર પાવરમૅન જોઈ લઉં ને પછી જમવા બેસું', એમ કરીને એ ટી.વી. ઑન કરીને બેસી ગયો.

બીજા દિવસે સ્કૂલમાં મેથ્યુ ટીચરે બધા જ પસંદ કરેલા વિદ્યાર્થીઓને સ્કૂલ પછી નાટકની પ્રૅક્ટિસ માટે એક જગ્યાએ બોલાવ્યા.

'આજે આપણે ડાયલોગ વાંચીને પ્રૅક્ટિસ કરીશું. પણ એક અઠવાડિયામાં બધાએ જ પોતાના ડાયલોગ મોઢે કરીને આવવાના છે.' મેથ્યુ ટીચરે કહ્યું અને પછી પ્રૅક્ટિસ સીન સમજાવ્યો.

ઓકે તો આજે આપણે 'બોટ સીન'ની પ્રૅક્ટિસ કરીશું. આ સીન વિશે થોડું કહી દઉં. બોટમાં બેસીને તક્ષે નદીને પેલે પાર જવાનું છે. તક્ષની નજર નદીની પેલે પાર છે અને એ હલેસા મારી રહ્યો છે. તે જ વખતે સુબોધ ત્યાંથી પસાર થશે. તક્ષને જોઈને એને બહુ નવાઈ લાગશે. પછી સુબોધની લાઈન આવશે.

'મિત્ર, આ શું મૂર્ખાઈ કરે છે ?'

તક્ષ કહેશે, 'મારે સાંજ પહેલા નદીની પેલે પાર પહોંચવાનું છે. ત્યાં જ પહોંચવાની કોશિશ કરી રહ્યો છું. એમાં મૂર્ખાઈ શું છે ?'

ત્યારે સુબોધ એને કહેશે, 'મિત્ર, પહેલા તારી બોટને તો ખૂંટામાંથી છોડ ! એ છોડ્યા વગર ગમે તેટલા હલેસા મારીશ, તોય તું તારા ધ્યેય સુધી ક્યારેય નહીં પહોંચી શકે !'

સીન સમજાવીને મેથ્યુ ટીચરે પૂછ્યું, 'સમજાઈ ગયું ?'

સુબોધે અને તક્ષે ‘હા’ પાડી અને પછી સરસ મજાની ઍક્ટિંગ કરી. બીજા એક-બે સીનની પ્રૅક્ટિસ કરીને બધા છૂટા પડ્યા.

તે સાંજે સુબોધે ડાયલોગ મોઢે કરવાનું નક્કી કર્યું. પણ ઘરે પહોંચ્યા પછી એને થયું કે,‘થોડી વાર ટી.વી. જોઈ લઉં. આજે પાવરમૅનની શક્તિઓ પાછળનું રહસ્ય ખૂલવાનું છે. એ જોઈને પછી ડાયલોગ મોઢે કરી લઈશ.’

અને થોડી જ વારમાં સુબોધને એના ફ્રેન્ડ્સ રમવા માટે બોલાવવા આવ્યા અને એ રમવા જતો રહ્યો. આવી જ રીતે એના પંદર દિવસ પૂરા થઈ ગયા.

એક સાંજે પ્રૅક્ટિસ પછી મેથ્યુ ટીચરે સુબોધને ચેતવ્યો,‘સુબોધ, સિન્સિયર થઈને ડાયલોગ મોઢે કરી લે. તારા સિવાય બધાએ ડાયલોગ મોઢે કરી લીધા છે. મને તારા મમ્મીએ કહ્યું હતું કે, તું ટી.વી. જોવામાં બહુ જ ટાઈમ બગાડે છે. જો હવે તું ડાયલોગ મોઢે નહીં કરે તો...’

ટીચરનું વાક્ય પતે એ પહેલા જ સુબોધ બોલી ઊઠ્યો,‘ના ના, મૅમ. હું કાલે ચોક્કસ ડાયલોગ મોઢે કરીને લાવીશ.’

તે સાંજે સુબોધ સ્ક્રિપ્ટ લઈને ડાયલોગ મોઢે કરવા બેઠો. ત્યાં તો ડૉર બેલ વાગી. સુબોધ બારણું ખોલવા દોડ્યો અને પપ્પાના હાથમાં એના ફેવરિટ આઈસ્ક્રીમનું બૉક્સ જોઈને એ પપ્પાને ભેટી પડ્યો.

‘બેટા, ઍન્યુઅલ ફંક્શન પતી જાય પછી આઈસ્ક્રીમ ખાજે.’ મમ્મીએ સુબોધને કહ્યું.

‘પણ મમ્મા... હું બસ થોડો જ ચાખીશ. તમે હંમેશાં મને આઈસ્ક્રીમ ખાવાની ના પાડો છો. પણ આજે તો પપ્પા લઈને આવ્યા છે. આજે તો મને ખાવા દો ને !’

આમ ચાખવા ચાખવામાં સુબોધ અડધો પૅક આઈસ્ક્રીમ ખાઈ ગયો. ને પછી રાત્રે જેમતેમ કરીને થોડા ડાયલોગ મોઢે કરીને સૂઈ ગયો. બીજા દિવસે સવારે ઊઠવા ગયો ત્યારે એનાથી બિલકુલ હલાયું જ નહીં. એનું શરીર તાવથી તપી રહ્યું હતું અને ગળામાં ઈન્ફેક્શન થઈ ગયું હતું.

ત્રણ દિવસ સુધી એ સ્કૂલે ના જઈ શક્યો. ચોથા દિવસે સ્કૂલમાં પગ મૂકતા જ એને ફફડાટ થયો. એ તક્ષને કંઈ પૂછે એ પહેલા જ મેથ્યુ ટીચરે બધાને પ્રૅક્ટિસ માટે બોલાવી લીધા.

પ્રૅક્ટિસ રૂમમાં મેથ્યુ ટીચરે ખૂબ પ્રેમથી સુબોધને બોલાવ્યો,‘સુબોધ, તું આવી ગયો ? તબિયત તો સારી છે ને ?’

સુબોધે ફક્ત માથું હલાવીને ‘હા’ કહી. અંદરથી એને ખૂબ શાંતિ થઈ કે મેથ્યુ ટીચરે એના પર બિલકુલ ગુસ્સો ના કર્યો.

ત્યાં તો એમણે કહ્યું,‘સુબોધ, આજે તું સાઈડમાં બેસીને પ્રૅક્ટિસ જોજે. હવે તારો રોલ તક્ષ કરશે. ફાઈનલ પ્રૅક્ટિસ કરવાનો ટાઈમ આવી ગયો હતો અને તું ગેરહાજર હતો. અને આમ પણ તક્ષને તારા બધા ડાયલોગ મોઢે હતા.’

આ સાંભળી સુબોધને સખત આંચકો લાગ્યો. સ્ટેજ પર મુખ્ય કૅરેક્ટરનો રોલ ભજવવાનું એનું સપનું હતું. પણ એ સપનું પૂરું કરવા એણે ક્યાં કોઈ મહેનત કરી હતી ?!

એનું મોઢું સાવ ઊતરી ગયું. પ્રૅક્ટિસ પછી મેથ્યુ ટીચર સુબોધને મળ્યા.

'બેટા, તે દિવસે મને તારી ઍક્ટિંગ બહુ જ ગમી હતી.' ટીચર બસ આટલું જ બોલ્યા અને સુબોધની આંખોમાંથી ધડધડ આંસુ પડવા લાગ્યા.

મેથ્યુ ટીચરે સુબોધને શાંત કર્યો અને પૂછ્યું, ''તને ડ્રામાનો 'બોટ સીન' યાદ છે ?''

'યસ મૅમ.' સુબોધે ધીમા અવાજે કહ્યું.

''એ સીનમાં તક્ષના કૅરેક્ટરે નદીને પેલે પાર જવાનું નક્કી કર્યું હતું. પણ એ પહોંચી નહોતો શક્યો. કારણ કે, એણે એની બોટ ખૂંટામાંથી છોડી જ નહોતી. તે પણ તારી બોટ 'ટી.વી.'ના ખૂંટામાં ભેરવી દીધી અને એટલે જ તું આગળ વધી ના શક્યો. નાટકમાં તારા વીસ જ ડાયલોગ હતા. વીસેવીસ ડાયલોગ એક સાથે યાદ નહોતા કરવાના. રોજ ફક્ત ત્રણ ડાયલોગ સિન્સિયરલી યાદ કર્યા હોત તો પણ અઠવાડિયામાં બધું મોઢે થઈ જાત. એક ધ્યેય સેટ કરીને એ ધ્યેય સુધી પહોંચવા માટે સિન્સિયર રહીએ તો ચોક્કસ પહોંચી વળીએ. પણ, આપણી બોટ કોઈ ખૂંટામાં ભેરવી રાખીએ તો આગળ કેવી રીતે વધીએ ? સમજાય છે તને ?'' ટીચરે પ્રેમથી પૂછ્યું.

'યસ મૅમ.' સુબોધ ફરી ધીમા અવાજે બોલ્યો.

'હજુ પણ કંઈ બગડ્યું નથી.' ટીચરે કહ્યું. 'તું તક્ષના સાઈડ કૅરેક્ટરની લાઈન ૨-૩ દિવસમાં મોઢે કરી લાવીશ ?'

સુબોધે 'હા' કહી. અને આ વખતે એણે જે કહ્યું એ ખરેખર કરી બતાવ્યું.

ડ્રામા પછી મેથ્યુ ટીચરે સુબોધને કહ્યું, 'શાબાશ બેટા ! ખૂબ સરસ અભિનય કર્યો. આવતા વર્ષે મેઈન કૅરેક્ટરનો રોલ કરીશ ને ? મોટા મોટા ડાયલોગ યાદ રહેશે ને ?'

સુબોધે કહ્યું, 'એ તો યાદ રહેશે જ. પણ ખાસ તો એ વાત યાદ રહેશે કે, પ્રગતિ કરવા માટે મારે મારી બોટ ખૂંટામાંથી કાઢવી જોઈએ.'

અને બન્ને હસી પડ્યા.

ચીલીના નાના ભાઈ પાર્સલીએ ચીલીની મજાક ઉડાવતું સોંગ બનાવ્યું હતું. અજાણતા આલુએ એના પર ડાન્સ કર્યો. એથી ચીલીને ખરાબ લાગ્યું છે. આલુ અને ચીલી તળાવ પર પ્રેક્ટિસ માટે જઈ રહ્યા છે. હવે આગળ...

હું આલુને કહેવા જ જતો હતો કે મને શું થયું છે પણ કોઈ કારણસર આલુ મારી સામે બત્રીસેય દાંત બતાવીને હસી રહ્યો હતો. એનું મોઢું જોઈને હું શું કહેવાનો હતો એ ભૂલી ગયો. મને તો શક છે કે પાર્સલીનું સિંગિંગ સાંભળીને એના મગજના તાર હલી ગયા છે. અને આ આલુ મોટી સ્માઈલ આપી રહ્યો હતો. એની સ્માઈલથી ગભરાઈને મેં એને પૂછ્યું, "તું કેમ આટલું હસે છે ?" તો મને કહે, "મારી પાસે તારી માટે સરપ્રાઈઝ છે."

મને ડબ્બો અને બોટલ આપીને આલુ બોલ્યો, "આ ડબ્બામાં તારી માટે ડ્રાયફ્રૂટ્સ છે. કેમકે, પ્રેક્ટિસ કરીશ એટલે તને ભૂખ લાગશે અને તું ગમે તે ખાઈ લઈશ તો તારો અવાજ બેસી જશે. અને આમાં તારી માટે ફ્રૂટ જ્યુસ છે, જેનાથી તારું ગળું સારું રહેશે."

આલુએ મારી માટે આટલી મહેનત કરી ? મને અંદર બહુ જ ઠંડું લાગ્યું. મને ડબ્બાની વસ્તુ કરતા ડબ્બા પરના સ્ટીકર ગમી ગયા. બેસ્ટ સિંગર - ચીલી. આ જોઈને જ કોકોની કીકી બહાર આવી જશે. મારો વટ પડી જશે અને કોકોને પણ ખબર પડી જશે કે મારા સ્પોર્ટમાં સ્કેટિંગ ચેમ્પિયન 'આલુ' છે.

આલુએ પાર્સલીના સોંગ પર ડાન્સ કર્યો એના માટે મેં એને માફી આપી દીધી. એમેય, તમે પણ આલુનો ડાન્સ જુઓ તો એને માફી જ આપી દો. જો ક્યારેય પાર્સલીના સિંગિંગ અને આલુના ડાન્સિંગ

વચ્ચે હરિફાઈ થાય તો જજ નક્કી જ ના કરી શકે કે વધારે ખરાબ કોણ કરે છે ? અને એનાથી પણ ખરાબ વાત તો એ છે કે બન્નેને ખબર જ નથી કે એમના સિંગિંગ અને ડાન્સિગથી સામેવાળાની આંખો અને કાન કેટલા ત્રાસ પામે છે.

આ વિચાર કરતા કરતા, અમે પ્રેક્ટિસ માટે નદી કિનારે પહોંચ્યા. તો ત્યાં કીકી કોયલ હતી. મેં કોકોની સામે જોયું જ નહીં. ધીરે રહીને મારી બોટલ મૂકી જેથી એને દેખાય કે બેસ્ટ સિંગર કોણ છે ! પણ આ શું ?

એના હાથમાં પણ "સિંગર કોકો લખેલી બોટલ હતી !!"

આલુને જોતા જ એ ખુશ થઈને બોલી, "થેન્કસ આલુ !" અને આલુએ મને આપી હતી એવી જ મોટી સ્માઈલ આપીને બોલ્યો, "યુ આર વેલકમ, બેસ્ટ ઓફ લક..."

આલુ કોકો માટે પણ જ્યુસ લાવ્યો ? એ કોકોનો ફ્રેન્ડ છે કે મારો ? એણે કોકોને જ્યુસ આપવાની શું જરૂર હતી ? મને એટલું ગરમ લાગે છે કે મને થાય છે મારા પીંછા બળી રહ્યા છે. આલુને આટલી જ બીજાને મદદ કરવી હોય તો જ્યુસની દુકાન જ ખોલી લેવી જોઈએ. મને આલુ પર એટલો ગુસ્સો આવે છે ને ! મેં એને પૂછી જ લીધું, "આલુ, તું મારી સાઈડ છે કે કોકોની ? એની માટે કેમ જ્યુસ લાવ્યો !" આલુ તો મેં કંઈ ખોટું કીધું હોય એવી રીતે શોકમાં બોલ્યો, "તારી જ ! તારામાં બેસ્ટ સિંગર લખ્યું છે, જો !"

જો એ મારી સાઈડ હોય તો એણે કોકોને જ્યુસ શું કામ આપ્યો ?

કોકોની બોટલ પર તો બેસ્ટ પણ નહોતું લખેલું ? આ ચીલીને આટલું ગરમ કેમ લાગે છે ? રીડર્સ, આ ચીલી સાથે શું થઈ રહ્યું છે ? તમને શું લાગે છે આલુ કેમ કોકો માટે જ્યુસ લાવ્યો ? તમારા જવાબ અમને મોકલવાનું ભૂલતા નહીં.

ફૂડ પ્લેન
રોમી દાદુ, મારે પણ ચિમ્પની જેમ પાઈલટ બનવું છે.
એ કામમાં બહુ જ જોખમ છે. એ તારું કામ નહીં.
અરે, પણ કેમ નહીં ? હું પણ ફૂડ પ્લેન ચલાવતા શીખી જઉં તો આપણા ટાપુને કેટલો મદદરૂપ બની શકું.
ચિમ્પની જેમ પ્લેનમાં જુદા જુદા જંગલોમાં જઈને જાતજાતના ફળો લાવી શકું, વડીલો માટે જડીબુટ્ટીઓ લાવી શકું, પ્લીઝ દાદુ, મને શીખવા દો ને !
જીદ ના કર. તારી સાઈઝ પ્રમાણે તું તારું કામ કર અને ચિમ્પને એનું કામ કરવા દે.
થોડા મહિનાઓ પછી,
અરે ચિમ્પ, ઘણા ટાઈમથી તું દેખાયો નથી. બધું બરાબર ચાલે છે ને ?
હા દાદુ, એકદમ ફર્સ્ટ ક્લાસ ! આંખમાં ઈન્ફેક્શન થયું હતું એટલે બહાર નહોતો નીકળતો.
તો ફૂડ પ્લેન કોણ ચલાવે છે ? ટાઈમ પર ફ્રૂટ્સ તો આવી જાય છે.
આપણો ચૅમ્પિયન, મિસ્ટર મીન્કી ! એ સરસ ટ્રેઈન થઈ ગયો છે.

મીન્કી ? મીન્કીને તે શિખવાડ્યું ? પણ કેમ ? તને તારી સાઈઝનું બીજું કોઈ ના મળ્યું ટ્રેઈન કરવા માટે ?
દાદુ, હું તમને થોડા મહિના પહેલા બનેલી એક વાત કહું. લિઝી આન્ટીએ મને એક ટાપુ પરથી થોડી જડીબુટ્ટીઓ લાવવા કહેલું.
સન્ડે હતો એટલે ટાપુના અન્ય પ્રાણીઓ પણ મારી સાથે ફૂડ પ્લેનમાં આવ્યા. મીન્કી પણ હતો.
જડીબુટ્ટી લેવા માટે લાંબી લાઈન જોઈને,
આટલી લાંબી લાઈનમાં કોણ ઊભું રહે ?
ફરી ક્યારેક આવીશું ?
હું નહીં ઊભો રહું.
અરે એમ તો કંઈ ચાલતું હશે ? આપણે જે કામ માટે આવ્યા છીએ એ તો કરવું જ જોઈએ ને. હું લઈને આવું છું.
અને એ આખરે લઈ આવ્યો. તે દિવસે મને સમજાઈ ગયું કે ભલે મીન્કીનું શરીર નાનું છે, પણ એનું મન મજબૂત છે.
આ તે સારું ના કર્યું. તારે પસ્તાવું પડશે.

એક દિવસ,
સાંભળ્યું તમે ? મીન્કી સવારનો ફૂડ પ્લેન લઈને ગયો છે પણ હજુ પાછો નથી આવ્યો.
ચોક્કસ મીન્કીનો ઍક્સિડન્ટ થઈ ગયો હશે !
ત્યાં તો દૂર આકાશમાં મીન્કીનું ફૂડ પ્લેન આવતું દેખાયું. બધાને હાશ થઈ. મીન્કીએ ફૂડ પ્લેન પાર્ક કર્યું.
કહ્યું હતું ને મેં તને.
આજે તો જબરું થઈ ગયું. ક્યાંય ફળો મળે જ નહીં. રાત પડી ગઈ હતી. રસ્તામાં સિમી હરણે મને એક દિશામાં દોર્યો.


અને એ દિશામાં ફળોની જગ્યાએ મને એક મોટો સિંહ મળ્યો. હું તો ગભરાઈને બીજી દિશામાં દોડ્યો.
તમે ગભરાઈને ફૂડ પ્લેન પાસે ના દોડ્યા ? પાછા આવી જવાનું ના વિચાર્યું ?
ના રે ના ! આપણને ક્યારેય રસ્તામાં ટ્રાફિક નડે તો આપણે કંઈ ઘરે પાછા જતા રહીએ ? જ્યાં જવા નીકળ્યા હોઈએ ત્યાં પહોંચી જ જઈએ ને !
હું પણ ગયો. અને મજાની વાત તો એ થઈ કે હું જે ઊંધી દિશામાં દોડ્યો ત્યાં મને જાતજાતના મસ્ત ફળો મળ્યા. મેં તો સિંહને 'થેન્ક યુ' કહ્યું કે એના કારણે આપણને સરસ ફ્રૂટ્સ ખાવા મળશે.
સિંહને નહીં, મુશ્કેલીમાં હાર ના માની દેનારા તારા મનોબળને 'થેન્ક યુ'.
રોમી મીન્કીને ભેટી પડ્યો.

ક્યાં ફરવા જવું છે એ નક્કી કરતા કરતા તો બધાનો દમ નીકળી ગયો.'લાગે છે કે આ ડિસેમ્બર આપણે ડીડીમા જંગલમાં જ વિતાવવું પડશે.' ઝોઈ બોલી. 'આપણે લોકો કંઈ નક્કી જ નથી કરી શકતા.'

ત્યાં તો રીઝો હાથમાં ટિકિટ લઈને આવ્યો. જગ્યા ફાઈનલ થઈ ગઈ છે અને તમારા બધા માટે સરપ્રાઈઝ છે. ૫ ડિસેમ્બરે બપોરે ત્રણ વાગ્યાની ટ્રેન છે. તૈયાર થઈ જજો.

સ્ટેશન પર પહોંચીને થીઓને આંચકો લાગ્યો,'રીઝો આટલી બધી રકઝક કરીને આખરે તું અમને મુંબઈ લઈ જઈ રહ્યો છે ! આવી ખરાબ મજાક !' જીફ્ફી તો રડવા લાગ્યો.

'અરે, પહેલા જો તો ખરો કે મુંબઈમાં ક્યાં જવાનું છે !' રીઝોએ થીઓ અને જીફ્ફીને શાંત કર્યા.

મુંબઈમાં ચોપાટી બીચની નજીક આવેલી ચૈત્યભૂમિ પર પગ મૂકતા જ બધાને કંઈક જુદી જ જાતની શાંતિ થઈ.

'આ કઈ જગ્યા છે ?' ઝોઈએ પૂછ્યું.

'આ બાબાસાહેબ આંબેડકરનું સમાધિ સ્થળ છે. ૬ ડિસેમ્બરે એમની પુણ્યતિથિ છેદૃદૃ અને એટલે જ આ ટાઈમે આપણે અહીં આવ્યા છીએ.' રીઝોએ જણાવ્યું.

બધાને બાબાસાહેબ આંબેડકરની સ્ટોરી સાંભળવી હતી. રીઝોએ વાર્તા શરૂ કરી.

ડૉક્ટર બાબાસાહેબ આંબેડકર ભારતના પહેલા કાયદામંત્રી હતા. એમને ભારતના બંધારણ (Constitution)ના ઘડવૈયા તરીકે ઓળખવામાં આવે છે.

થીઓ : એક મિનિટ, એક મિનિટ. બંધારણ એટલે ?

રીઝો : એ સમજાવવું થોડું અઘરું છે. પણ તું સ્ટોરી આગળ સાંભળ.

બાળપણમાં એમણે ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. એમના પરિવારને લોકો અછૂત માનતા. અછૂત એટલે કોઈ એમને ભૂલથી પણ અડે નહીં. સ્કૂલના બાળકો જ્યાંથી પાણી પીવે ત્યાંથી પાણી પીવાની આંબેડકરને મનાઈ હતી. એક ખૂણામાં બેસીને એમણે ભણવાનું. કોઈ એમની સાથે વાત ના કરે. આટલા બધા તિરસ્કારની વચ્ચે ભણવું બહુ જ અઘરું હતું.

આટલું જ સાંભળીને જીફ્ફીની આંખોમાંથી ટપટપ આંસુ પડવા લાગ્યા. ઝોઈએ એને ટિસ્યૂ આપ્યું અને રીઝોએ છત્રી ખોલીને વાત આગળ વધારી.



અને આમ પણ આંબેડકરને ભણવામાં ખાસ રસ નહોતો. એક દિવસ આંબેડકરે ઘરેથી નાસીને મુંબઈ જવાનો પ્લાન બનાવ્યો. મુંબઈ જઈને નોકરી કરીશ એવું એમણે વિચારી લીધું. પણ મુંબઈ જવા માટે એમની પાસે પૈસા નહોતા. સતત ત્રણ દિવસ સુધી એ એમના ફોઈના પર્સમાંથી પૈસા ચોરી કરવાના પ્રયત્નો કરતા રહ્યા. પણ ફાવ્યા નહીં. આખરે ચોથા દિવસે જ્યારે તેઓ સફળ થયા ત્યારે એમને ફક્ત અડધો આનો જ મળ્યો. તેઓ ખૂબ નિરાશ થઈ ગયા. ઘણું બધું વિચાર્યા બાદ એમણે તારણ કાઢ્યું કે ભણ્યા વગર કોઈ પણ પ્રૉબ્લેમનો અંત ના આવી શકે.

અને બસ, ત્યાર પછી એમણે ક્યારેય પાછા ફરીને જોયું નથી. એમની લાઈફમાં ઘણા બધા પ્રૉબ્લેમ્સ આવ્યા પણ એમણે ક્યારેય હાર ના માની. તેઓ એક રૂમના મકાનમાં રહીને ભણતા. મકાનની બાજુમાં જ ઘંટી હોવાથી સવારના પાંચ વાગ્યાથી ત્યાં અવાજો શરૂ થઈ જતા. શાંતિથી એકાગ્રતાપૂર્વક ભણવા માટે તેઓ રાત્રે ૨ વાગે ઊઠીને વાંચતા.

ભારતમાં ભણતર પૂરું કર્યા પછી એમણે અમેરિકાની કોલમ્બિયા યુનિવર્સિટીમાંથી એમ.એ. અને પીએચ.ડી.ની ડિગ્રીઓ મેળવી. લંડન યુનિવર્સિટીમાંથી એમ.એ. અને પીએચ.ડી.ની ડિગ્રીઓ મેળવી. જર્મની જઈને પણ એમણે અભ્યાસ કર્યો. ઘણી વાર પૈસાની તકલીફ હોય ત્યારે તેઓ બ્રેડના ટુકડા અને પાણી પીને ચલાવી લેતા. પણ, એમણે ભણતર ના છોડ્યું.

ચાલો રમીએ...

કલર પ્રમાણે ચિત્ર બનાવો.



Akram Express

December 2024
Year : 17, Issue : 04
Conti. Issue No.: 196

Date of Publication 8th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2024-2026
valid upto 31.12.2026
Licensed to Post Without
Pre-payment No. PMG/NG/040/2024-2026
valid upto 31.12.2026
Posted at Adalaj Post Office on 8th of every month

અક્રમ એક્સપ્રેસ મેગેઝીનનું પ્રિન્ટિંગ બંધ કરવા બાબતે માહિતી

જય સચ્ચિદાનંદ મહાત્માઓ,

આજના બાળકો મેગેઝિન ઓનલાઈન વાંચી લેતા હોય છે. માટે અક્રમ એક્સપ્રેસ(ગુજરાતી, અંગ્રેજી) સભ્યોની સંખ્યા ઓછી થતી જાય છે. આ કારણસર આપણે જાન્યુઆરી ૨૦૨૫ થી અક્રમ એક્સપ્રેસ મેગેઝીન પ્રિન્ટ કરવાનું બંધ કરીએ છીએ.

સોફ્ટ કોપી Akonnect તેમજ kids.dadabhagwan.org પર નિઃશુલ્ક ઉપલબ્ધ રહેશે.

ડીસેમ્બર, ૨૦૨૪ પછી અક્રમ એક્સપ્રેસ મેગેઝિનના જે સભ્યોની મેમ્બરશિપ બાકી હશે એમને રિફંડ આપવામાં આવશે.

રિફંડ મેળવવા માટે નીચે જણાવેલ QR Code સ્કેન કરવો અને આપના મેગેઝીન અને બેંક ખાતા સંબંધી વિગતો ભરવાની રહેશે.

QR Code

આ ફોર્મ ૧૫ જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં ભરી દેવા વિનંતી. રિફંડની રકમ ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ સુધી આપના બેંક ખાતામાં જમા કરી દેવામાં આવશે.

આપને આ સંબંધી કોઈ પ્રશ્ન હોય તો મેગેઝીન ટીમને dadavani@dadabhagwan.org અથવા મોબાઈલ +૯૧-૮૧૫૫૦૦૭૫૦૦ પર સંપર્ક કરવા વિનંતી.

- મેગેઝીન ટીમ અડાલજ

અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. AGIT૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો WhatsApp કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા ID No.,૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

DBF • અડાલજ

Publisher, Printer & Editor - Dimple Mehta on Behalf of Mahavideh Foundation
Printed at Amba Multiprint, Opp. H B Kapadiya New High School, Chhatral-Pratappura Road, At-Chhatral, Tal. Kalol, Dist. Gandhinagar – 382729.